# જોઈએ છે

ધી અમદાવાદ એજ્યુકેશન સોસાયટી સંચાલિત એચ.એલ.કોલેજ ઓફ કોમર્સ, એલ.ડી.આર્ટ્સ કોલેજ તથા એમ.જી.સાયન્સ ઈન્સ્ટિટ્યુટ (ગ્રાન્ટ ઈન એઈડ) અમદાવાદને ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી,ગાંધીનગર દ્વારા વર્ગ-૩ની જગ્યા ભરવા NOC મળેલ છે. નીચે જણાવેલ ખાલી જગ્યાની ભરતી કરવા માટે ઉમેદવારો પાસેથી નિયત નમૂનામાં અરજીઓ મંગાવવામાં આવે છે. ભરતી સંબંધિત જરૂરી વિગતો ધી અમદાવાદ એજ્યુકેશન સોસાયટીની વેબસાઈટ www.aesahd.edu.in અને સંબંધિત કોલેજની વેબસાઈટ https://hlcollege.edu,https://ldarts.edu.in અને https://mgscience.ac.in પર મૂકવામાં આવેલ છે,

| ક્રમ | કોલેજનું નામ | જગ્યાનું નામ | NOC ક્રમાંક | કુલ જગ્યા | કેટેગરી અને વિષય | લાયકાત | વય મર્યાદા |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | એચ.એલ.કોલેજ ઓફ કોમર્સ (H.L.College of Commerce) | સિનિયર કલાર્ક સંવર્ગ-વર્ગ-3 | કવટ/ISC3/વર્ગ-3/NOC/૨૦૯૮૩-૮૫ તા. ૨૩/૦૯/૨૫ | ૦૧ | OPEN | હેડ કલાર્ક, સિનિયર કલાર્ક, જુનિયર કલાર્કની પોસ્ટ માટે સરકારશ્રીના ધારાધોરણ મુજબ કોઈપણ વિદ્યાશાખામાં સ્નાતક ડિગ્રી તથા ગુજરાત સરકાર દ્વારા માન્ય સંસ્થામાંથી કોમ્પ્યુટર પરીક્ષા પાસ કરેલ હોવી જોઈશે. | 20 થી 35 વય મર્યાદા સરકારશ્રીના પ્રવર્તમાન નિયમો અનુસાર અને અનામત કક્ષાના ઉમેદવારોને નિયમો અનુસાર વય મર્યાદામાં છૂટછાટ મળવાપાત્ર છે. |
| ૨ | એલ. ડી. આર્ટ્સ કોલેજ (L.D.Arts College) | સિનિયર કલાર્ક સંવર્ગ – વર્ગ - 3 | કવટ/ISC3/વર્ગ-3/NOC/૨૨૯૬૨-૬૪ તા. ૧૯/૦૯/૨૫ | ૦૧ | OPEN | | |
| | | જુનિયર કલાર્ક સંવર્ગ – વર્ગ - 3 | કવટ/ISC3/NOC ૨૧૪૮૦-૮૨, તા. ૧૭/૦૭/૨૫ | ૦૧ | (દિવ્યાંગ -A કેટેગરી B-Blind અંધ - LV-(Low Vision) ઓછી દ્રષ્ટિ ) | | |
| ૩ | એમ. જી. સાયન્સ ઈન્સ્ટિટ્યુટ (M.G.Science Institute) | હેડ કલાર્ક સંવર્ગ – વર્ગ - 3 | કવટ/ISC3/વર્ગ-3/NOC/૨૩૦૦૭-૦૯ તા. ૧૯/૦૯/૨૫ | ૦૧ | OPEN | | |
| ૪ | | જુનિયર કલાર્ક સંવર્ગ – વર્ગ - 3 | | ૦૧ | SEBC | | |
| ૫ | | લેબ. આસીસ્ટન્ટ સંવર્ગ – વર્ગ - 3 | | ૦૭ | OPEN-3 (Chemistry-2, Physics-1) SEBC-3 (Botany-1, Zoology-1, Biochemistry-1) EWS-1 (Microbiology-1) | લેબ. આસીસ્ટન્ટની પોસ્ટ માટે સરકારશ્રીના ધારાધોરણ મુજબ વિજ્ઞાન વિદ્યાશાખામાં જે તે વિષય સાથે સ્નાતક ડિગ્રી ઉપરાંત ગુજરાત સરકાર દ્વારા માન્ય સંસ્થામાંથી કોમ્પ્યુટર પરીક્ષા પાસ કરેલ હોવી જોઈશે. | |
| ૬ | | લેબ. આસીસ્ટન્ટ સંવર્ગ – વર્ગ - 3 | કવટ/ISC3/NOC/૨૧૫૬૪-૬૬, તા. ૧૭/૦૭/૨૫ | ૦૧ | (દિવ્યાંગ A કેટેગરી B-Blind અંધ - LV-(Low Vision) ઓછી દ્રષ્ટિ ) | | |

EWS/SEBCની જગ્યા માટે ઉમેદવારી નોંધાવા માટે આર્થિક રીતે નબળા વર્ગો (EWS)/SEBC (નોન ક્રીમીલેયર)નું તાજેતરનું સક્ષમ અધિકારીનું પાત્રતા પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. ઉપરોકત જગ્યાઓ માટે સરકારશ્રી,ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, સામાન્ય વહીવટ વિભાગ તથા નાણા વિભાગના વખતોવખતના જે તે સંવર્ગના ભરતીના નિયમો અને લાયકાતના ધોરણો મુજબ ભરતી કરવામાં આવશે. નિમણુંક પામેલ ઉમેદવારને સરકારશ્રી દ્વારા નક્કી કરેલ નીતિ નિયમ મુજબ પાંચ વર્ષ માટે ફિક્સ પગાર ચુકવવામાં આવશે. ત્યાર બાદ આપેલ સેવાઓની સમીક્ષા કર્યા પછી યોગ્ય જણાયેથી મંજુર થયેલ પગારધોરણમાં લઘુત્તમ પગારમાં નિમણુંક આપવામાં આવશે. જે તે જગ્યા માટે નિમણુંક પામનાર ઉમેદવારને ઉપર દર્શાવ્યા મુજબ લાગુ પડતાં તા. ૧૭/૦૭/૨૦૨૫, તા. ૧૯/૦૯/૨૦૨૫ તથા તા.૨૩/૦૯/૨૦૨૫ થી મળેલ NOC માં દર્શાવેલ તમામ શરતો બંધનકર્તા રહેશે. વિદ્યાર્થીઓની સંખ્યા ઘટતાં જો ફાજલ થાય તો તેને ફાજલનું રક્ષણ મળવાપાત્ર નથી. ઉમેદવારોએ નીચેના સરનામે જાહેરાત પ્રસિદ્ધ થયેથી દિન-૧૫ સુધીમાં સ્પીડ પોસ્ટ દ્વારા અરજી અમોને મળી રહે તે રીતે મોકલવાની રહેશે. અરજી સાથે પોતાના સરનામાવાળું ૧૧' x ૪'નું ખાલી કવર તથા રૂ.૫૦/- ની ટપાલ ટીકીટ લગાવીને મોકલવાનું રહેશે. ટપાલ કવર પર જે કોલેજ માટે અરજી કરી હોય તે કોલેજનું નામ તેમજ જગ્યાનું નામ અને કઈ કેટેગરી માટે અરજી કરેલ છે તે સ્પષ્ટ લખવાનું રહેશે. અરજી કરનાર અનામત કક્ષામાં આવતા ઉમેદવારોએ પરીક્ષા ફી પેટે રૂ. ૪૦૦/- અને બિનઅનામત કક્ષાના ઉમેદવારોએ પરીક્ષા ફી પેટે રૂ.૫૦૦/-નો (નોન-રિફંડેબલ)ડીમાન્ડ ડ્રાફ્ટ ઉપર જણાવેલ સંબંધિત કોલેજના નામનો જે તે જગ્યા માટેનો અલગ સામેલ રાખવો. એક કરતા વધુ જગ્યા માટે ઉમેદવારી કરતા અરજદારે અલગ-અલગ અરજી નીચેના સરનામે કરવાની રહેશે. અધૂરી, અસ્પષ્ટ વિગતોવાળી, પ્રમાણપત્રોની સ્વ-પ્રમાણિત કર્યા વગરની, ડીમાન્ડ ડ્રાફ્ટ વગરની, નિયત સમય મર્યાદા બાદ આવેલ અરજીઓ આપોઆપ રદબાતલ ગણાશે.

**સરનામું: નિયામકશ્રી, ધી અમદાવાદ એજ્યુકેશન સોસાયટી, કોમર્સ છ રસ્તા પાસે, યુનિવર્સિટી રોડ, નવરંગપુરા, અમદાવાદ – ૩૮૦૦૦૯.**